ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગર જિલ્લાના ત્રણ તાલુકાની ૨૧૮૨.૮૪ હેક્ટર જમીનમાં જમીન સંરક્ષણની કામગીરી

**વિધાનસભામાં ગાંધીનગર**

ગાંધીનગર, તા.૧૩


ગાંધીનગર જિલ્લામાં ૩૧મી ડિસેમ્બર-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ત્રણ તાલુકાઓમાં ૨૧૮૨.૮૪ હેક્ટર જમીનમાં જમીન સંરક્ષણની કામગીરી કરવામાં આવી છે. દાહોદ જિલ્લામાં જમીન સંરક્ષણની કામગીરી અન્વયે ૯,૧૮૩.૫૨ હેક્ટર જમીન સમતલ કરવામાં આવી છે તેવું આજે વિધાનસભાગૃહમાં તારાંકિત પ્રશ્નોત્તારીકાળ દરમિયાન કૃષિમંત્રીશ્રી બાબુભાઈ બોખિરીયાએ જણાવ્યું હતું.

ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ અને દેવગઢબારીયાના ધારાસભ્યશ્રી બચુભાઈ ખાબડના પ્રશ્નનો ઉત્તર આપતા કૃષિમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ગાંધીનગર તાલુકામાં ૫૧૧.૬૫ હેક્ટર, માણસા તાલુકામાં ૫૭૨.૦૩ હેક્ટર અને દહેગામ તાલુકામાં ૧૦૯૯.૧૬ હેક્ટર જમીનમાં જમીન સંરક્ષણની કામગીરી કરવામાં આવી છે. આ પાછળ રૂ. ૩૮૬.૧૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

દાહોદ જિલ્લામાં જમીન સંરક્ષણ કામગીરી અન્વયે ૯૧૮૩.૫૨ હેક્ટર જમીનમાં જમીન સમતલની કામગીરી કરવામાં આવી છે. આ પાછળ રૂ. ૧૩૭૦.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.



ગાંધીનગરમાં ટ્રાફિક અને પાર્કિંગની વ્યવસ્થા અનેક પ્રયત્નો છતાં ઉકેલાતી નથી. વાહનોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે પરંતુ પાર્કિંગની નબળી વ્યવસ્થાના પરંતુ શહેરના હાર્દસમા વિસ્તારોમાં આડેધડ વાહનોનું પાર્કિંગ થાય છે. ચ-૫ ફુવારાથી ઘ-૫ સુધીના માર્ગે આવેલી ઓફિસો અને કોમ્પ્લેક્ષમાં પાર્કિંગની વ્યવસ્થા ન હોવાથી વાહનો મુખ્ય માર્ગ પર જ ખડકાય છે. આના કારણે વાહનચાલકોને ખુબ તકલીફ પડે છે. (તસવીર : દિપક જાની)



ઘરનું ઘર - માળો : ગરમીના દિવસોમાં પક્ષીઓ ગરમીથી સલામત સ્થળે પોતાનું આગવું ઘર વસાવે છે... ચકલી, પોપટ અને કબૂતર જેવા ઘરેલું પક્ષીઓ ઘરના કોઈ ખૂણામાં, કોઈ માળિયાના દરવાજા પાછળ કે ટોડલા પર સલામતીની શોધ કરીને નાનકડો માળો બાંધે છે... પક્ષીઓને માળો બાંધતા જોવા એક અનોખો લ્હાવો છે... સિવિલ એન્જિનિયર કે આર્કીટેક્ટની પદવી વિના આકર્ષક એલીવેશન અને સુવિધાની ખાસ કાળજી રાખી, ઘાસ-પાંદડાથી કેવી સુંદર ગુંથણી થાય છે... અને માળા પરત્વે કેટલું મમત્વ કેળવાય છે એ જો આપણે પક્ષીની ભાષા સમજી શકતા હોય તો જ એની અનુભૂતિ થઈ શકે છે.... આપણે કદાચ કોઈનો માળો બાંધવામાં કોઈ પક્ષીને મદદરૂપ ન બની શકીએ તો કુદરત આપણને માફ કરે છે.. પરંતુ કોઈપણ પક્ષીનો બંધાયેલો માળો ખસેડીએ તો આપણે આપણી જાતને પણ માફ કરી શકતો નથી... આવો સૌ સાથે મળી અબોલ પક્ષીઓના રક્ષા કરીએ, લાલન-પાલન કરીએ અને પર્યાવરણ બચાવવાની દિશામાં એક કદમ આગળ વધીએ.... (તસવીર : દિપક જાની)

# હાઈ પ્રોફાઈલ રશ્મિ ભાવે મર્ડર કેસની તપાસ ઠેર ની ઠેર

## હત્યારાનું પગેરૂ મેળવવા પોલીસના હવાતીયા : ૨૦ દિવસ બાદ પણ સાયલન્ટ કીલર આઝાદ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના અત્યંત ચકચારી હાઈ પ્રોફાઈલ રશ્મિ ભાવે હત્યા કેસમાં ઘટનાને ૨૦ દિવસ થઈ ગયા બાદ પણ પોલીસ હજુ હવામાં હવાતીયા મારી રહી છે. ભર બપોરે ઘરમાં ઘુસીને એક ડોક્ટરની પત્નિની કરી નાંકવામાં આવેલી કરપીણ હત્યા મામલે પોલીસને હત્યારા સુધી પહોંચવા કોઈ જ મજબુત કડી ન મળતા આ એક બ્લાઈન્ડ કેસ થઈ ગયો છે. સમગ્ર હત્યા કેસની તપાસ એલ.સી.બી.ને સોંપ્યે એક અઠવાડિયુ થયુ હોવા છતાંય હજુ સુધી હત્યારાનું કોઈ જ પગેરૂ મળી શક્યું નથી. આ કેસનો ભેદ ઉકેલવો પોલીસ માટે પણ પડકારરૂપ બની ગયું હોવાનું સ્પષ્ટ પણે લાગી રહ્યું છે.

ગાંધીનગરના જાણીતા ફીઝીશીયન ડૉ. વિવેક ભાવેની પત્નિ રશ્મિ ભાવેની ઘરમાં ઘુસીને ભર બપોરે કોઈ તિક્ષ્ણ હથિયાર ગળે ફેરવી દઈ હત્યા કરી નાંખવામાં આવી હતી. ટોક ઓફ ધ ટાઉન આ હાઈ પ્રોફાઈલ મર્ડર કેસમાં કોઈ જાણભેદુ હોવાનું પોલીસનું અનુમાન છે. સ્થાનિક પોલીસે કરેલી તપાસમાં પણ કોઈ જ મજબુત કડી ન મળતા જિલ્લા પોલીસ વડાએ આ ચકચારી કેસની સમગ્ર તપાસ લોકલ ક્રાઈમ બ્રાન્ચે સોંપી હતી જેને એક અઠવાડિયુ થઈ ગયા બાદ પણ હજુ સુધી તપાસ ઠેરની ઠેર છે. હત્યાને ૨૦ દિવસ થઈ ગયા છતાં પોલીસ હત્યારાનું પગેરૂ મેળવવામાં નિષ્ફળ રહી છે. આ કેસમાં હવે પોલીસ એફ.એસ.એલ.ના એસ.ડી.એસ. ટેસ્ટ પર આધાર રાખીને બેઠી છે. હવે આ ચકચારી હત્યા કેસ પરથી રહસ્યનો પડદો ક્યારે ઉપડે છે અને ક્યારે હત્યારો પોલીસ સકંજામાં આવે છે તે જોવું રહ્યું..!!




.... ધો. ૧૦ના ગણિતના પ્રશ્નપત્રમાં અગાઉ વિતરણ કરાયેલ IMP માંથી ૮૦ ટકા પુછાયાની ચર્ચા ટોક ઓફ ટાઉન બની હતી....

.... જામીન મંજુર થતાં નાયબ મામલતદાર વિનોદ તન્ના મોડી રાત્રે સેક્ટર-૨૯ના જલારામબાપાના દર્શને ગયા હતા...

.... સે. ૨૩ કડી કેમ્પસની ફાર્મસી કોલેજમાં ગુરૂવારને ૧૪મીએ ફ્રી ડાયાબીટીસ ચેક-અપ કેમ્પ યોજાયો છે.

.... પત્રકારો પોતાના મોબાઈલ પર જ સરકારના સમાચાર જોઈ શકે તે માટે માહિતી વિભાગે ખાસ સોફ્ટવેર લોંચ કર્યું છે.

.... ચ-૩ અને સચિવાલય ગેટ પાસેના બે ટ્રાફિક સિગ્નલોનું ટેસ્ટીંગ આખો દિવસ ચાલ્યુ હતુ....

# ગણિતનું પેપર વિદ્યાર્થીઓને અઘરું પડ્યું

## બોર્ડની સ્ટાઈલ પ્રમાણે ન હતું : લાંબી ગણતરીના પ્રશ્નોના લીધે પરીક્ષાર્થીઓને સમય પણ ઓછો પડયો : ચોપડીના ખૂણે ખાંચરેથી પ્રશ્નો પૂછાયા

ગાંધીનગર, તા.૧૩

ધો-૧૦માં આજે ગણિતનું પેપર પરીક્ષાર્થીઓને પ્રમાણમાં અઘરું લાગ્યું હતું. પ્રશ્નપત્ર પાઠય પુસ્તક આધારિત હોવા છતાં બોર્ડની પેપર સ્ટાઈલ મુજબનું પેપર ન હોવાનું વિષય તજજ્ઞોનો મત છે. લાંબી ગણતરી માંગી લે તેવા પ્રશ્નોના લીધે સમય પણ ઓછો પડયો હતો. પરીક્ષામાં ૪૯૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ધો-૧૦માં ગુજરાતી, વિજ્ઞાન, સમાજવિજ્ઞાનની કસોટી બાદ આજે મહત્વના ગણિત વિષયની પરીક્ષા લેવાઈ હતી. ધો-૧૦ના પરીક્ષાર્થીઓને ગણતિનું પ્રશ્નપત્ર પણ પ્રમાણમાં અઘરું લાગ્યું હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. વિષય તજજ્ઞના મત મુજબ પેપર પાઠય પુસ્તક આધારિત હતું. પરંતુ બોર્ડની પેપર સ્ટાઈલ મુજબ ન હતું. ત્રણમાંથી બે પ્રમેય ફરજિયાત હોવાના બદલે ૫ ગુણનો માત્ર એક જ પ્રમેય પુછાયો હતો. એમ.સી.કયુ.માં પાંચથી સાત પ્રશ્નોના ઉત્તરો આપવાનું પરીક્ષાર્થીઓ માટે મુશ્કેલ બન્યુ હતું. જયારે ખર્ચ-વર્તુળ ક્ષેત્રફળના એક પ્રશ્નમાં વિકલ્પમાં યોગ્ય જવાબ જ દર્શાવાયો ન હતો. વિભાગ-બમાં પણ પ્રશ્ન-૧૦ અને ૧૩ લાંબી ગણતરી માંગી લે તેવા હતા. ચોપડીમાંથી ખૂણે-ખાંચરેથી પ્રશ્નો પૂછાતા વિદ્યાર્થીઓની મુંઝવણ વધી હતી. પેપરમાં પુછાયેલા પ્રશ્નો વધુ સમય લે તેવા હોવાથી વિદ્યાર્થીઓ માટે નિયત સમયમાં પેપર પુરું કરવાનું અઘરું હતું. પ્રશ્નપત્ર સ્કોર કરવા માટે કપરું હોવાનું પણ પરીક્ષાર્થીઓએ જણાવ્યું હતું. જિલ્લામાંથી ૨૮૧૨૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૪૯૫ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો ન હતો.

# રેલવે સ્ટેશન વિસ્તારમાં રીક્ષાચાલકો વચ્ચે તકરાર

## સ્ટેશન વિસ્તારમાં અમુક રીક્ષાચાલકોને જ પ્રવેશની નીતિ સામે આક્રોશ

ગાંધીનગર, તા. ૧૩

દુવિધાઓથી ઘેરાયેલા નગરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આજે રીક્ષાચાલકો વચ્ચે ઘર્ષણ થયું હતું. રેલવે પ્રોટેક્શન ફોર્સ દ્વારા અમુક રીક્ષાચાલકોને પ્રવેશવા ન દેવાતા બેવડી નીતિ સામે આક્રોશ ભભૂક્યો હતો. આ મામલે હપ્તા વસુલી થતી હોવાના પણ આક્ષેપો થયા હતા. એકબાજુ રેલ મુસાફરોને સ્ટેશનથી મુકામે પહોંચવા ઓટો મળતી નથી ત્યારે રેલવે પોલીસ સ્ટેશનના અભાવે પણ સ્ટેશન વિસ્તારમાં નવા પ્રશ્નો ઉદભવ્યા છે.

નગરના છેવાડાના વિસ્તારમાં સ્થિત કેપીટલ સ્ટેશનમાં રેલ મુસાફરોને લગતી સુવિધાઓ ઉભી કરવા કોઈ નક્કર આયોજન થયુ નથી. જેના પરિણામે સ્ટેશન પર ઉતરતા મુસાફરોને શહેર સુધી પહોંચવા માટે કોઈ વાહન સુવિધા મળતી નથી. રીક્ષા માટે વલખા મારવા પડે છે. આ સઘળી સ્થિતિ વચ્ચે આજે રેલવે તંત્રના પ્રોટેકશન ફોર્સ દ્વારા પણ રીક્ષાચાલકોને પ્રવેશ આપવાના મામલે મનાઈ ફરમાવી દેવાઈ હતી. પરંતુ પ્રોટેક્શન ફોર્સે આ મામલે બેવડી નીતિ દાખવતા હોવાના આક્રોશ સાથે સ્ટેશન વિસ્તારમાં રીક્ષાચાલકો વચ્ચે આંતરિક તકરાર થઈ હોવાનુ પણ ધ્યાને આવ્યું છે. જ્યારે રેલવે પોલીસ ફોર્સના અભાવે સ્ટેશન વિસ્તારમાં દૂષણો વધી રહ્યા છે. તો બીજી તરફ રીક્ષાના પ્રવેશ માટે પણ હપ્તા વસુલી થતી હોવાનું ચર્ચા સ્થાને છે. ખેર એ જે હોય તે પરંતુ આ સઘળી સ્થિતિ વચ્ચે મુસાફરોને શહેરના મુકામ સુધી પહોંચવા કોઈ વાહન મળતુ ન હોવાથી મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો છે.

# ગુજરાત માટે દુષ્કાળ રાહત માટે કેન્દ્રએ જાહેર કરેલ સહાય પેકેજને આવકારતા વિપક્ષી નેતા

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં ઓછા વરસાદને કારણે સૌરાષ્ટ્ર-કચ્છ ઉત્તર ગુજરાતમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે જેને ધ્યાને રાખીને કેન્દ્ર સરકારે દુષ્કાળ રાહત પેકેજ જાહેર કરીને રૂ. ૮૬૪.૭૧ કરોડની સહાય જાહેર કરી હતી જેને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આવકારી છે.

કેન્દ્ર સરકારે ગુજરાત માટે જાહેર કરેલ દુષ્કાળ રાહત પેકેજને આવકારતાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં પીવાના પાણીની અછતથી સૌરાષ્ટ્ર અને કચ્છ ઉત્તર ગુજરાતની જનતા પીડાય છે. આ માટે કેન્દ્ર સરકારને મદદ કરવા માટે મેં વિનંતી કરેલ ત્યારે કેન્દ્રએ જવાબ આપેલ કે મહાષ્ટ્રની દરખાસ્ત આવી છે ગુજરાતની દરખાસ્ત આવી નથી.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાત સરકારે આશરે લમસમ રકમની માંગણી પૂરા અભ્યાસ વિના કરી હશે અને છતાં પણ માનવતાના આધારે કેન્દ્ર સરકારની મદદ પણ ગુજરાતની જનતાને રાહતરૂપ નીવડે.

સૌરાષ્ટ્રમાં શહેરી વિસ્તારોમાં ત્રણ થી ચાર દિવસે અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦થી ૧૫ દિવસે પીવાનું પાણી મળે છે. નર્મદા યોજના તે માત્ર કાગળ પર છે કેન્દ્ર સરકારે રૂ. ૮૬૪.૭૧ કરોડની માતબર રકમ આપીને ગુજરાતની જનતાને દુષ્કાળના ઓછાયામાંથી બચાવવાની કોશીષ કરી છે. એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે પક્ષાપક્ષોથી દૂર રહી આગ લાગે ત્યારે કુવો ખોદવાનો ન હોય. યુદ્ધના ધોરણે પીવાના પાણીનું આયોજન પશુઓ માટે ઘાસચારાનું આયોજન અને સિંચાઈની વ્યવસ્થાની શરૂઆત કરી દેવી જોઈએ. ઉનાળાની શરૂઆતમાં ગ્રામ્ય વિસ્તારોમાં લોકો હિજરત કરવા માંડ્યા છે. પોતાની માલ મિલ્કત જેવા પશુધનને છુટા કરી દેવા પડ્યા છે.

તેમણે અંતમાં જણાવ્યું હતું કે પક્ષાપક્ષીથી દૂર રહી આ રૂપિયાનો વહેલી તકે ઉપયોગ કરીને સાચા અર્થમાં ગુજરાતની જનતાને રાહત મળે તેવી આશા અપેક્ષા આ સરકાર પાસે છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઘર-ઘરનો સ્વાદ
ભાલીયા ઘઉંના ખાખરા
વાટીદાળ ખમણ
સૂકા નાસ્તા
અવનવા શ્રીખંડ
ભાગ્યલક્ષ્મી ખમણ હાઉસ

Govt. of Delhi Regd. No. 3809(India) www.bhsedelhiboard.net
Board of Higher Secondary Education, Delhi
Regd. Office : Shivkunj Nagar, Burari, Delhi-110084
For information of Central / Contact / Information Office
Sai Kripa Bhawan 8/41, Gawan 202527 (Badaun) U.P.
Regional Office : Chibila Bazar, Madhoganj, Pratapgarh(U.P.)
8th pass can do 10th & 10th can do 12th
Private schools / coaching centres / institutions can also open branch of our board in their area and earn in lacs.
Language of courses : Hindi, English, Urdu and other languages
Our courses are recognised for all over India & Based on NCERT Syllabus.
10th & 12th correspondence course in 6 months only
You can open our branch of Board by paying fee of Rs. 15000/- only
Last Date 20-03-2013
Our board is affiliated by All State / Central Government under Article 14 Act 1921
(NCERT Syllabus are used for all Classes)
All exams will be held between 15-30 April in All over India and results will be declare on 30th June last date for form is 31-03-2013 for outstation upto 25 March, 13
Central Office : A5A/40, SANTRO TOWER, Janak Puri, New Delhi-110058
Help Lines : 08505813851, 09560923062 E-mail : bhse1234@yahoo.com
Sikkim Candidates May contact for Form & Admissions : Sikkim Educational Initiative Near Bethesda Church, By Pass Road, Gangtok - 73710 1, Sikkim Help Line : 09434357078

અલ્ટ્રાટેક
ગાંધીનગરની પસંદગી
VIRAT TMT BARS
UTKARSH
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ : શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ

AMI TOUR & TRAVELS
ચારધામ-દિ.૧૮
ઉ.તા. ૨૫/૫/૧૩, ૧૮/૬/૧૩
કુલ્લુ-મનાલી-શિમલા-ડેલહાઉસી, વૈષ્ણોદેવી-અમૃતસર-દિલ્હી-જયપુર
દિ.૧૬ ઉ.તા. ૭/૫/૨૦૧૩
ઉ.ભારત : દિલ્હી-હરિદ્વાર-આગ્રા, ગોકુળ-મથુરા-વૃંદાવન-શ્રીનાથજી વિ.
દિ.૧૧ ● ઉ.તા. ૨૧/૩/૨૦૧૩
Goa-મહાબળેશ્વર-લોનોવાલા
દિ.૮ ● ઉ.તા. ૨૫/૪/૨૦૧૩
M. 9713517738
M. 9624639750

KisaN
BENELAVE
FIXIT
TMT BARS - ISI
TATA
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com